RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૭૮ તા.૧૭–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નરેશ લક્ષ્મીકાંત ઉપાધ્યાય
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશ લક્ષ્મીકાંત ઉપાધ્યાયની તા. ૦૫–૧૧–૧૧ની અરજીથી વોર્ડ નં.૯/ નોંધ નં.૧૦૧૧/અ, ૧૨૦૧, ૧૨૦૨/અ માં હાલમાં મંજુર થયેલ પ્લાનની નકલ તથા રજાચીઠ્ઠી તા.૧૫–૧૦–૧૧ રોજ આપેલ તેની નકલની માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૭૮/૨૦૧૧–૧૨

શ્રી નરેશ લક્ષ્મીકાંત ઉપાધ્યાયની તા. ૦૫–૧૧–૧૧ની અરજીથી વોર્ડ નં.૯/ નોંધ નં.૧૦૧૧/અ, ૧૨૦૧, ૧૨૦૨ અ માં હાલમાં મંજુર થયેલ પ્લાનની નકલ તથા રજાચીઠ્ઠી તા.૧૫–૧૦–૧૧ રોજ આપેલ તેની નકલની માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૩૧૨ તા.૨૬–૧૨–૧૧થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) તથા અરજદારને મૂળ માંગેલ માહિતીની વિગતો રજૂ કરેલ ન હોઈ તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ. ૧૯૬૩ તા.૯–૧–૧૨ થી નોંધ વિભાગ,અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/આ. ૧૯૩૪ તા.૬–૧–૧૨ થી આપેલ માહિતીના પત્રકની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૯–૧૨–૧૧ ના પત્રથી ફી ભર્યાની વિગત, અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૧૭–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારની અરજીમાં વોર્ડ નં.૯/ નોંધ નં.૧૦૧૧/અ, ૧૨૦૧, ૧૨૦૨/અ માં હાલમાં મંજુર થયેલ પ્લાનની નકલ તથા રજાચીઠ્ઠી તા.૧૫–૧૦–૧૧ રોજ આપેલ તેની નકલ આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૯/ નોંધ નં.૧૦૧૧/અ, ૧૨૦૧, ૧૨૦૨/અ વાળી મિલકતના મંજુર પ્લાનની નકલ ₹૩૨૨–૦૦ ભર્યેથી મળી શકશે તેમજ રજાચીઠ્ઠીની નકલ ₹ ૨/– ભર્યેથી મળી શકશે તેવું સમય અવધિબાદ જણાવેલ. જે કાયદાની કલમ ૭(૧) ૭(૩) તથા ૭(૬) સાથે સુસંગત નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૫–૧૧–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સમય અવધિબાદ નાણાં ભરવાનો પત્ર પાઠવેલ હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭માં દફતરી માહિતી પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશ લક્ષ્મીકાંત ઉપાધ્યાય